**ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન**
**<u>સહાય ચૂકવવા બાબત.</u>**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-
21 JUN 2005

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨-૨-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃઅબડ-૧૦૯૯-૭૬૯-છ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯-૮-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃઅબડ-૧૦૨૦૦૦-૪૬૪-છ
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૫-૫-૨૦૦૩ નો પત્ર ક્રમાંકઃ અજાક-મ-હાઉસીંગ/૨૦૦૩-૩૦૪૦
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮-૧-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૭-ન.બા.-૧-અ
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭-૫-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ અબડ/૧૦૨૨૦૩/૧૩૦૩/છ
(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની તા.૧૨/૧/૨૦૦૫ ની દરખાસ્ત.

**<u>પ્રસ્તાવનાઃ-</u>**

આમુખમાં જણાવેલ ક્રમાંક (૧) અને (૨) આગળના ઠરાવોથી રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન સહાય આપવા માટેની ડો.આંબેડકર આવાસ યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના લોકોને ઝડપથી અને સરળતાથી મળે તે માટે યોજનાનું સરળીકરણ કરવા આમુખમાં જણાવેલ વિભાગના વિવિધ ઠરાવોને સાંકળીને તા.૧૭-૫-૨૦૦૪ થી એક સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. આમુખમાં જણાવેલ ક્રમાંક (૬) આગળ દર્શાવેલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની તા.૧૨/૧/૨૦૦૫ ની દરખાસ્ત અન્વયે સદરહુ ઠરાવમાં કેટલાક સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ

— ૨ —

હતી જે પુખ્ત વિચારણાને અંતે આ યોજનાની શરતોમાં અંશતઃ ફેરફાર / સુધારા સાથેનો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ઠરાવઃ-

૧. આ યોજનાને ડો.આંબેડકર આવાસ યોજના તરીકે ઓળખવામાં આવશે.

૨. હેતુઃ-

આ યોજનાનો હેતુ અનુસૂચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા ઘર વિહોણા લોકોને સમયબધ્ધ કાર્યક્રમ રૂપે તબકકાવાર આવાસો પુરા પાડવાનો છે.

૩. **પાત્રતાની શરતોઃ**

(૧) ગ્રામ્ય વિસ્તારમાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા તૈયાર કરવામાં આવેલ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની (બીપીએલ) યાદી પૈકીના ઘર વિહોણા લાભાર્થીઓને પ્રથમ અગ્રતા આપવાની રહેશે. આ ઉપરાંત વિધવા તથા વિકલાંગ, ગ્રામસભાએ નક્કી થયેલા શ્રમયોગી અને ઓછી આવક ધરાવતા લાભાર્થીને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિની ઘર વિહોણી વ્યકિત કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવ્યો હોય અને જેનો કબજો ધરાવતી હોય, અને અન્ય કોઇ ગૃહ નિર્માણ યોજના હેઠળ મકાન સહાયનો લાભ ન મળ્યો હોય તેવા ઈસમને આ યોજનાનો લાભ મળી શકશે.

(૩) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય પરંતુ તદન કાચું ગાર માટીનું, ઘાસ પુળાનું, કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તેવું મકાન ધરાવનાર લાભાર્થીને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.